કરતાં કાર્ય જગે સેવાનાં જો કદી થાકી જવાય, કાયા થાકે મન નવ થાકે, જીવતર ઉજળું એવું મનનું બળ તું આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૭ | ૨૬ ઓક્ટોબર, ૨૦૨૦, સોમવાર; નિ. આસો સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કોઇ નહીં લઇ શકે ૧ ઈંચ જમીન : રાજનાથ

**દશેરા પર શસ્ત્ર પૂજનની સાથે રાજનાથનો ચીનને કડક સંદેશ : રક્ષા મંત્રી રાજનાથ સિંહે દાર્જિલિંગના સુકના વોર મેમોરિયલ ખાતે અત્યાધુનિક હથિયારોનું શસ્ત્ર પૂજન કર્યું, આર્મી ચીફ અધ્યક્ષ એમએમ નરવણે પણ હાજર**





નવી દિલ્હી,તા.૨૫

ભારત અને ચીનની વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચાલી રહેલા તણાવની વચ્ચે રક્ષા મંત્રી રાજનાથ સિંહએ રવિવારે દશેરા પર્વના અવસરે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં સ્થિત સુકના વૉર મેમોરિયલનો પ્રવાસ કર્યો. રાજનાથ સિંહે ત્યાં શસ્ત્ર પૂજન કરી ચીનને કડક સંદેશ પણ આપ્યો છે. તેઓએ કહ્યું કે ભારત પોતાની એક ઈંચ જમીન પણ કોઈને નહીં લેવા દે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે રવિવારે દશેરા પર્વ પર પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ ખાતે સુકના વૉર મેમોરિયલ પહોંચીને શસ્ત્ર પૂજન કર્યું. દાર્જિલિંગમાં આવેલા સુકના વૉર મેમોરિયલમાં રાજનાથ સિંહની સાથે સેના પ્રમુખ એમ. એન. નરવણે પણ ઉપસ્થિત રહ્યા. આ દરમિયાન અત્યાધુનિક હથિયારોની પણ પૂજા કરવામાં આવી. રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ દરમિયાન ચીનના મુદ્દે કહ્યું કે ભારત અને ચીન સરહદ વિવાદ ખતમ થવો જોઈએ. સરહદ પર શાંતિ હોવી જોઈએ. સુકના વૉર મેમોરિયલની મુલાકાત દરમિયાન સેનાના અનેક ઘાતક અને અત્યાધુનિક હથિયારોની પણ રાજનાથ સિંહે પૂજા કરી. દશેરા પર્વના અવસરે રાજનાથ સિંહે શસ્ત્ર પૂજા દરમિયાન ચીનને આકરો સંદેશ આપતા અસોલ્ટ રાઈફલને પોતાના હાથમાં લઈને જોઈ. સેના પ્રમુખ એમએન નરવણેએ તેમને તેની તમામ ખાસિયતો વિશે માહિતી આપી. રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ દરમિયાન સરહદ માર્ગ સંગઠન દ્વારા સિક્કિમમાં બનાવવામાં આવેલા અનેક રોડનું વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઉદ્‌ઘાટન કર્યું. આ દરમિયાન તેઓએ કહ્યું કે, હંર આપ સૌને એવું જણવવા માંગું છું કે બીઆરઓ દ્વારા સિક્કિમના મોટાભાગના સરહદી રસ્તાઓને ડબલ લેનમાં અપગ્રેડેન કરવામાં આવી રહ્યું છે. તેમાંથી ઈસ્ટ સિક્કિમમાં ૬૫ કિલોમીટરના માર્ગ નિર્માણ કાર્ય પ્રગતિ પર છે તથા ૫૫ કિલોમીટર માર્ગ નિર્માણ યોજના હેઠળ છે. આ અવસર પર તેમણે કહ્યું કે ભારત ઈચ્છે છે કે ચીન અને ભારતની વચ્ચે બોર્ડર પર શાંતિ રહેવી જોઈએ અને તણાવ ખત્મ થવો જોઈએ પરંતુ હું સંપૂર્ણપણે આશ્વસ્ત છું કે આપણી સેના કોઈને પણ દેશની એક ઈંચ જમીન પર પણ કબ્જો કરવા દેશે નહીં. આપને જણાવી દઈએ કે વિજયાદશમીના અવસર પર રક્ષા મંત્રી રાજનાથ સિંહ દાર્જિલિંગ અને સિક્કિમના પ્રવાસે છે.

દાર્જિલિંગના મેમોરિયલમાં તેમણે શસ્ત્ર પૂજા કરી. આ દરમ્યાન આર્મી ચીફ અધ્યક્ષ એમએમ નરવણે પણ હાજર હતા. વિજયાદશમીના દિવસે શસ્ત્ર પૂજા કરવાની પરંપરા છે.

## આ વખતે ભારતની મક્કમતાથી ચીન ફફડી ગયું છે : ભાગવત

**દશેરાના પ્રસંગે આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું : આપણે સૌ સાથે મિત્રતા ઈચ્છીએ છીએ પરંતુ આપણી સદ્‌ભાવનાને દુર્બળતા ન સમજવી જોઈએ**

નાગપુર,તા.૨૫

દશેરાના ખાસ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના હેડક્વાર્ટર નાગપુરમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતએ શસ્ત્ર પૂજા કરી. પૂજા બાદ મોહન ભાગવતે સંઘના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. મોહન ભાગવતે કહ્યું કે, કોરોના મહામારીના સંદર્ભમાં ચીનની ભૂમિકા સંદિગ્ધ રહી, એવું તો કહી જ શકાય છે. પરંતુ પોતાના આર્થિક સામરિક બળના કારણે તેણે ભારતની સરહદો પર જે રીતે અતિક્રમણ કરવાનો પ્રયાસ કર્યો તે સંપૂર્ણ વિશ્વની સામે સ્પષ્ટ છે. મોહન ભાગવતે કહ્યું કે, કોરોના મહામારીથી ભારતમાં નુકસાન ઓછું થયું છે. વિશ્વના અન્ય દેશોની તુલનામાં આપણું ભારત સંકટની આ પરિસ્થિતિમાં વધુ સારી રીતે ઊભું થયેલું જોવા મળી રહ્યું છે. ભારતમાં આ મહામારીની વિનાશકતાનો પ્રભાવ બાકી દેશોથી ઓછો દેખાઈ રહ્યો છે. તેના કેટલાક કારણ છે. તેઓએ કહ્યું કે, આપણા સમાજની એકરસતાનું, સહજ કરુણા તથા સંકટમાં સહયોગના સંસ્કાર, આ બધી વાતોને સોશિયલ કેપિટલ એવું અંગ્રેજીમાં કહેવાય છે, તે આપણા સાંસ્કૃતિક સંચિત તત્વના




સુખદ પરિચય આ સંકટમાં આપણને સૌને મળ્યો. ચીની ઘૂસણખોરીનો ઉલ્લેખ કરતાં મોહન ભાગવતે કહ્યું કે, ભારતના શાસન, પ્રશાસન, સેના અને જનતાએ આ આક્રમણની સામે અડગ થઈને ઊભા રહીને પોતાના સ્વાભિમાન, વીરતાનો પરિચય


● અનુસંધાન પાન-૭ પર


## તહેવારોમાં સંયમથી રહો, સ્થાનિક વસ્તુ ખરીદો : મોદી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મન કી બાત કરી : દશેરા સંકટો પર જીતનો પર્વ, અસત્ય પર સત્યની જીતનો પર્વ છે, સાથોસાથ તહેવારો સંકટ પર જીતનો પણ ઉત્સવ**

નવી દિલ્હી,તા.૨૫

આજે દશેરાના તહેવારને દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રેડિયો પર મન કી બાત કાર્યક્રમના



માધ્યમથી દેશને સંબોધિત કર્યો. પીએમના મન કી બાત કાર્યક્રમની આ ૭૦મી કડી છે. મન કી બાતમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દશેરા સંકટો પર જીતનો પર્વ છે. દશેરા અસત્ય પર સત્યની જીતનો પર્વ છે જ, સાથોસાથ આ તહેવારો સંકટ પર જીતનો પણ ઉત્સવ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના સૈનિકોને વિજયાદશમીની શુભકામાનાઓ પાઠવતાં કહ્યું કે આ વખતે દિવાળીમાં એક દીપક સરહદ પર તૈનાત સૈનિકોના નામે પ્રગટાવજો. પીએમ મોદીએ ફરી એકવાર દેશની જનતાને અપીલ કરતા કહ્યું કે હાલમાં તહેવારની સીઝન આવવાની છે. આ દરમિયાન લોકો ખરીદી કરશે, તમે ખરીદી દરમિયાન વોકલ ફોર લોકલનો સંદેશ ચોક્કસ યાદ રાખે અને સ્વદેશી સામાનને ખરીદો. પોતાના વક્તવ્યમાં તેમણે આગળ કહ્યું કે આપણે આપણા એ જાંબાઝ જવાનોને પણ યાદ રાખવા જોઈએ, જે આ તહેવારોમાં પણ સરહદ પર તૈનાત છે, ભારત માતાની સેવા અને સુરક્ષા કરી રહ્યા છે. આપણે તેમને યાદ કરીને જ તહેવાર ઉજવવાના છે, ઘરમાં એક દીપક પ્રગટાવો, ભારત માતાના આ વીર


● અનુસંધાન પાન-૭ પર


## ભાજપને પણ નીતિશના કામ ઉપર વિશ્વાસ નથી ? : ચિરાગ પાસવાન

**તમામ જાહેરાતોમાં ફક્ત મોદી : નિતીશની તસવીરનો ઉપયોગ બેનરમાં કરી રહી નથી તેને લઇને એલજેપી ચિરાગ પાસવાને પણ ટિપ્પણી કરી**

પટણા,તા.૨૫

શું બિહાર વિધાનસભા ચૂંટણીમાં નીતીશ કુમારને લઈ ભાજપમાં કોઈ અવઢવની સ્થિતિ છે? આ પ્રશ્ન એટલા માટે ઉઠ્યો છે કારણ કે ૨૮મી ઑક્ટોબરના રોજ પહેલાં તબક્કાના વોટિંગ પહેલાં ભાજપની તરફથી એક જાહેરાત સામે આવી છે. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેખાય છે પરંતુ નીતીશ કુમાર ગાયબ છે. એવામાં પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે શું સત્તા વિરોધી લહેરના લીધે ભાજપ નીતીશ કુમારને ટાળી રહી છે. આ જ કારણ છે કે પાર્ટી નીતીશ કુમારની તસવીરનો ઉપયોગ પોતાના પોસ્ટર-બેનરમાં કરી રહી નથી. તેને લઈ એલજેપી અધ્યક્ષ ચિરાગ પાસવાન એ પણ ટિપ્પણી કરી છે. એલજેપી ચીફ ચિરાગ પાસવાને એક ખાનગી ચેનલ સાથે વાત કરતાં કહ્યું કે મેં મારી ટ્વીટમાં સ્પષ્ટ કહ્યું છે કે મારા ભાજપના સાથીઓને એ સમજમાં આવી ગયું છે કે મુખ્યમંત્રીનો ચહેરો પોસ્ટર-બેનરમાં લગાવાથી નુકસાન થઈ રહ્યું છે. થોડુંક અજીબ લાગે છે કે જેમના નેતૃતવમાં તમે ચૂંટણી લડવા જઈ રહ્યા છો તેમની તસવીરને તમે નજરઅંદાજ કરી રહ્યા છો. પરંતુ તેનાથી ભાજપને લાભ થશે. એવું એટલા માટે પણ છે કારણ કે ભાજપના સાથી જેટલા તેમના નેતૃત્વનો સ્વીકાર કરે છે તો ક્યાંકને ક્યાંક જનતા ભાજપની સાથે પણ નારાજગી દેખાય શકે છે. ચિરાગ પાસવાન ભાજપની


● અનુસંધાન પાન-૭ પર







## છેલ્લે... છેલ્લે...

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર શશીકાંત દાસ કોરોના પોઝિટિવ
- જાણીતા ક્રિકેટર કપિલદેવને હોસ્પિટલમાંથી રજા અપાઈ.
- દેશમાં કોરોના રિકવરી રેટ ૯૦ ટકાએ પહોંચ્યો
- જાણીતા બંગાળી અભિનેતા સૌમિત્ર ચેટરજીની સ્થિતિ નાજુક
- ડાકોરના રણછોડજીના મંદિરમાં ભક્ત દ્વારા ૧,૧૧,૧૧,૧૧૧નું દાન
- કેદારનાથના કપાટ ૧૬ નવેમ્બરથી ભક્તો માટે થશે બંધ
- જમ્મુ-કાશ્મીરના કેરન સેક્ટરમાં સુરક્ષાદળઓએ તોડી પાડ્યું પાક ડ્રોન

## NCBએ ટીવી અભિનેત્રીને ડ્રગ્સ કેસમાં રંગે હાથ ઝડપી

**બે ડ્રગ્સ પેડલર્સની પણ ધરપકડ કરાઈ : અભિનેત્રી-પેડલર્સના ઘર ઉપર દરોડામાં તેમની પાસેથી કોકિન, એલએસડી, એમડીએમએ, હસિશ જપ્ત કરાયુ**

મુંબઈ,તા.૨૫

બૉલિવૂડના જાણીતા અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યા મામલા



સાથે જોડાયેલા ડ્રગ્સ કેસમાં નારકોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોએ દરોડા દરમિયાન એક ટીવી એક્ટ્રેસને રંગે હાથ ઝડપી પાડી છે. સાથોસાથ બે ડ્રગ્સ પેડલર્સની પણ ધરપકડ કરવામાં આવી છે.

સુશાંત મામલામાં જ્યારથી ડ્રગ્સનો એંગલ સામે આવ્યો છે ત્યારથી બૉલિવૂડની અનેક અભિનેત્રીઓની એનસીબી પૂછપરછ કરી ચૂકી છે, જેમાં દીપિકા પાદુકોણ સહિત અનેક જાણીતી અભિનેત્રીઓનો નામ સામેલ છે.

એનસીબી સાથે જોડાયેલા સૂત્રોનું માનીએ તો આ ધરપકડ કરાયેલી ટેલીવીઝન એક્ટ્રેસ અને પકડાયેલા ડ્રગ્સ પેડલર્સના ઘર અને ઠેકાણાઓ પર હાથ ધરવામાં આવેલા દરોડાઓમાં તેમની પાસેથી કોકિન, એલએસડી, એમડીએમએ અને હસિશ જપ્ત કરવામાં આવ્યા છે. આ પહેલા પણ અનેક ડ્રગ્સ પેડલર્સ પર એનસીબી કાર્યવાહી કરી ચૂકી છે.